# ગીર સોમનાથ જિલ્લામાં P.M.KUSUM (કોમ્પોનન્ટ-B) યોજના

**(૧) PM-KUSUM Component–B યોજના હેઠળ જે ૯૪ વીજ જોડાણ ગીર સોમનાથ જિલ્લામાં આપવામાં આવ્યા છે તે વીજ જોડાણો માટે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલી રાહત આપવામાં આવી છે? તથા અરજદાર દ્વારા કેટલી રકમ ભરપાઈ કરવાની થાય છે ?**

માં.ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ

જવાબ

ગીર સોમનાથ જિલ્લામાં આપવામાં આવેલ ૯૪ વીજ જોડાણમાંથી ૯૩ અરજદારોને ફોરેસ્ટ અને નોન ટ્રાયબલ વિસ્તારમાં હોવાથી ૪૦% ફાળા સામે ૫૧ અરજદારએ માત્ર રૂ. ૬૫૦૦/- તથા ૪૨ અરજદારએ માત્ર રૂ. ૧૨૦૦૦/- ભરપાઈ કરેલ છે એટલે કે કેન્દ્ર અને રાજ્ય સરકારની સબસીડી રૂ. ૧૯૯.૬૮ લાખ ઉપરાંત રૂ. ૧૭૦.૦૩ લાખની વધારાની રાહત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. બાકીના ૧ અરજદાર વન વિસ્તારમાં ન હોવાથી યોજનાના ધારા ધોરણ મુજબ ૪૦% ફાળા પ્રમાણે રૂ. ૧.૦૩ લાખ ભરપાઈ કરેલ છે અને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સબસીડી પેટે રૂ. ૧.૫૬ લાખની રાહત આપવામાં આવેલ છે.